અપીલ અરજી નં.૨૨૫ તા.૧૯–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૪–૯–૧૦ ની અરજીથી સેન્ટ્રલઝોન કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ સે.ઝોન/આઈનં. ૪૬૭ તા.૨–૩–૨૦૦૭ ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૨૮૪,૨૯૪ વાળી મિલકતના માલીકને જવલનશીલ પદાર્થનો જથ્થો મિલકતના ગોડાઉનમાં આપવામાં આવેલ લાયસન્સની મર્યાદામાં સુરક્ષિત રાખવા જણાવેલ છે. તો પછી ઘ.નં.૪/૨૮૪–૨૯૪ વાળી મિલ્કતના માલ જવલનશીલ પદાર્થનો જથ્થો ગોડાઉન સુરક્ષિત રાખવામાં આવેલ છે કે વપરાશ કરવામાં આવે છે. તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૫/૨૦૧૦–૧૧

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૪–૯–૧૦ ની અરજીથી સેન્ટ્રલઝોન કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ સે.ઝોન/આઈનં. ૪૬૭ તા.૨–૩–૨૦૦૭ ના પત્રમાં જણાવવામાં આવેલ છે કે બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૨૮૪,૨૯૪ વાળી મિલકતના માલીકને જવલનશીલ પદાર્થનો જથ્થો મિલકતના ગોડાઉનમાં આપવામાં આવેલ લાયસન્સની મર્યાદામાં સુરક્ષિત રાખવા જણાવેલ છે. તો પછી ઘર નં.૪/૨૮૪–૨૯૪ વાળી મિલ્કતના માલ જવલનશીલ પદાર્થનો જથ્થો ગોડાઉન સુરક્ષિત રાખવામાં આવેલ છે કે વપરાશ કરવામાં આવે છે. તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૯૭૫ તા.૧૨–૧૦–૧૦ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા તથા સરખી બાબતે આયોગ ધ્વારા કોઈ હુકમ કરેલ હોય તો પુર્વનિર્ણય સંદર્ભે વિગત રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૬ તા.૨૮–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૧૩૧ તા.૧૦–૧૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૭૫ તા.૧૨–૧૦–૧૦ ના પત્રની નકલ, નોધં વિભાગ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૪–૯–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૯૭૫ તા. ૧૨–૧૦–૧૦ થી " ઘર નં.૪/૨૮૪, ૨૯૪ વાળી મિલકતના માલિકે જવલનશીલ પદાર્થનો જથ્થો ગોડાઉનમાં સુરિક્ષત રાખવામાં આવેલ છે કે વપરાશમાં કરવામાં આવે છે. જે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ છે. જેના સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ માહિતી ખોટી આપેલ છે તેવું જણાવી તા.૧૯–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના મુદ્દા નં.૨ થી આઈ ડી નં.૭૫૧ તા.૮–૧–૦૮ થી માંગેલ માહિતી સંદર્ભે આપેલ માહિતી અંગેનો પત્ર ૯૨૪ તા.૨૮–૧–૦૮ નકલ રજૂ કરી તેની એન્ટ્રી ન.૯ અને ૧૦ ની વિગત જણાવેલ છે. અપીલના મુદ્દા ન.૩ માં સંગ્રહ કરવાનો પરવાનો આપવામાં આવે છે તો મિલ્કતદારે શરતને આધીન લાયસન્સ મેળવેલ છે તે શરતનું પાલન કરે છે કે નહીં તે આરોગ્ય વિભાગે સમાયંતરે ચેક કરવાની જવાબદારી આવતી હોય છે તે ચેકીંગ કરવામાં આવતું નથી શા માટે? અપીલના મુદ્દા નં.૪ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૪૦ તા.૧૯–૭–૧૦ થી લાયસન્સ સુમપા તરફથી આપવામાં આવે છે તો પછી જાહેર માહિતી અધિકારી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું કયા આધારે જણાવે છે. અપીલના મુદ્દા નં.૫ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૨ તા.૪–૨–૦૬ થી ફકત સંગ્રહ કરવાનો પરવાનો ફાળવવામાં આવે છે તો પછી જવલનશીલ પદાર્થનો જથ્થો પરવાનો લેનાર જરી ઉદ્યોગવાળા ખરેખર સંગ્રહ કરેલ છે કે વપરાશ કરે છે તે ચેક કરવાની જવાબદારી આરોગ્ય વિભાગની ફરજીયાત આવે છે તેવું જણાવેલ છે. જેની સાથે જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી બાબતે આધાર તરીકે અગાઉના જાહેર માહિતી અધિકારીએ આપેલ પત્રો નં.સી.ઝેડ/આરટીઆઈ/૫૪૦ તા. ૧૯–૭–૧૦ થી જવલનશીલ પદાર્થ જેવા કે સેલો , લેકર વિગરે બીપીએમસી એકટની કલમ–૩૭૬(૧) પ્રકરણ–૧૮ ના ભાગ–૧,૨,૩,૪ તથા સુરત મ્યુ. રુલ્સના ચેપ્ટર–૦૯ ના રુલ્સ ૨૨૫/અ અનુસાર લાયસન્સ આપવામાં આવેલ છે. અને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૪૬૭ તા.૨–૩–૦૭ થી ચકાસણી કરાવેલ તથા સ્થળ તપાસ મુજબ જરી ગિલ્ટીંગમાં વપરાતા જવલનશીલ પદાર્થનો જથ્થો જે તે મિલ્કતના ગોડાઉનમાંથી આપવામાં આવેલ લાયસન્સની મર્યાદામાં સુરક્ષિત રાખવા જણાવેલ છે. તથા સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/૭૨ તા.૪–૨–૦૬ થી સ્પીરીટ તથા સ્પીરીટ સોલ્યુશન (સેલો, લેકર) જરી ઉદ્યોગના ધંધા અર્થે સંગ્રહ કરવાનો પરવાનો આપવામાં આવે છે તેમજ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૯૨૪ તા.૨૮–૧–૦૮ થી આપેલ

માહિતીની એન્ટ્રી નં.૯ અને ૧૦ થી સેલો ૨૦૦ લી. અને લેકર ૧૦૦ લી. નો જથ્થોની વિગત પણ આપેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતીમાં આપેલ માહિતી મિલકત માલિકે જવલનશીલ પદાર્થનો જથ્થો ગોડાઉનમાં સુરક્ષિત રાખવામાં આવેલ છે કે વપરાશ કરવામાં આવે છે જે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવી આપેલ માહિતી સામે અરજદારે સ્થળ તપાસ કરી માહિતી આપવાની કરેલ રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં સ્થળ તપાસ કરીને માહિતી આપવાની હોય જે આરટીઆઈ ના કાયદા સાથે સુસંગત નથી. એટલે કે જે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોય તે માહિતી આપવાની થાય છે. તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે માંગેલ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી જે મુજબનો જવાબ પાઠવવામાં આવેલ છે. જે માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે અપીલના મુદ્દા નં.૩ થી આરોગ્ય વિભાગ તરફથી સમયાંતરે ચેક કરવાની જવાબદારી આવતી હોય છે તો ચેકીંગ કરવામાં આવતુ નથી શા માટે તેવો પ્રશ્ન અરજદારે મુળ અરજીથી અલાયદો અપીલ તબકકે પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે તથા મુદ્દા નં. ૫ માં ચેક કરવાની જવાબદારી સુમપાના આરોગ્ય વિભાગની ફરજીયાત આવે છે તેવું સૂચન કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

અરજદારની મુખ્ય માહિતીની માંગણી " જથ્થો ગોડાઉન સુરક્ષિત રાખવામાં આવે છે કે વપરાશ કરવામાં આવે છે તેની છે. જાહેર માહિતી અધિકારીએ તે બાબતે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પણ બાબત હેઠળની મિલ્કત અને લાયસન્સ સંબંધે જથ્થો સંગ્રહ કરવાનો પરવાનો આપ્યાનું સંખ્યા સહિત અગાઉ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. સાથે બીપીએમસી એકટની કલમ–૩૭૬ હેઠળ રાખવામાં આવે છે. તે પણ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. કલમ–૩૭૬ ની જોગવાઈ ધ્યાને લેતાં પરવાનો આપેલ જથ્થા સિવાય વધુ માત્રામાં જથ્થો રાખી નહીં શકાય અને ૩૭૬(૧) (એ) (૨) માં ઘરગથ્થુ વપરાશ સિવાય કોઈ પણ હેતુ માટે અથવા વેચાણ માટેનો પણ ઉલ્લેખ છે. સાથે ૩૭૬(૭) માં જે પરવાનો આપેલ છે તે જે ઉપયોગ માટે આપેલો છે. તેની તપાસણી કરવા સત્તા કમિશ્નરશ્રીને આપવામાં આવેલ છે જેનાથી આપેલા પરવાના જથ્થા સંગ્રહ અને ઉપયોગ બંને હેતુનો સમાવેશ થતો હોવાનું અનુમાનિત છે. જે ધ્યાને લેતાં પરવાનો હેઠળ જથ્થો પરવાનાધારક સંગ્રહ અને ઉપયોગ બંને નિયત માત્રામાં પરવાના શરતોને આધીન કરી શકે તેવું થાય. ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારની સુરક્ષિત રાખવામાં આવે છે કે વપરાશ કરવામાં આવે છે તેવી માહિતીની માંગણી કાયદાકીય જોગવાઈ સાથે સુસંગત નથી અને તે અંગે અરજદારની અપીલ અંગે તકરાર તર્કબધ્ધ કે બુધ્ધિગમ્ય જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ વિગતો પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેમજ અરજદારે અપીલના મુદ્દા નં.૩ થી અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર(સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,